PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3567-7 તારીખ : 22-5-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

**હસનભાઈ હાસમભાઈ ઇશાકાણી**

મું. પો. : સુપાસી , તા. : વેરાવળ, જી. : ગીર સોમનાથ,

વિષય : ખેતીવાડી જોડાણ નો પાવર ચાલુ કરાવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૧-૦૪-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માંગરોળ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ચોરવાડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/:૧૨/ક્વા–૦૧/૨૦૧૯–૨૦/** 3567 – 7 **તા.** 22-05-19 .

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- :૧૨/ક્વા–૦૧/૨૦૧૯–૨૦

અરજદાર: **હસનભાઈ હાસમભાઈ ઇશાકાણી, ગામ:સુપાસી ,**

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઇજનેર કે.ડી.નીનામા વિભાગીય કચેરી – માંગરોળ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જુનાગઢ

તારીખ: ૧૪ -૦૫ -૧૯

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર હસનભાઈ હાસમભાઈ ઇશાકાણી, ગામ:સુપાસી તેઓની અરજી ના નોંધણી નંબર :૧૨/ક્વા–૦૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓએ નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૧૪–૧૨–૧૪ ના રોજ ભાવપત્રક અને ટેસ્ટ રીપોર્ટ ના નાણા ભરપાઈ કરેલ છે. તેમજ, તેઓનો સ્વતંત્ર કુવો અને હૈયાત ઓરડી છે. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા વીજજોડાણ ચાલુ કરવાની કોઈ કાર્યવાહી થતી નથી. સદર બાબતે જણાવવાનુકે આશરે છેલ્લા ૦૫ વર્ષ થી પોલ તથા ટ્રાન્સફોર્મર અને મીટર સર્વિસ લગાવેલ હોવા છતા, જમ્પર બાંધવાનુ બાકી રાખેલ છે, સદર બાબતે કચેરીમા વારંવાર તપાસ કરતા – સંતોષકારક જવાબ કે લેખીત જવાબ મળેલ નથી. જેથી, તેઓને પાવર સપ્લાય ન મળતા પાણી હોવા છતા– પશુધન માટે પાણી તથા ચારો કરી શકાતો નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી હશનભાઈ હાસમભાઈ ઇશાકણી મુ.સુપાસી તા.વેરાવળ પેટા વિભાગીય કચેરી ચોરવાડના કાર્યક્ષેત્ર હેઠળ ખેતીવાડી વિજ જોડાણ કરારિત વીજભાર : ૫.૦ હો.પા, સર્વે નં.: ૪૭/૫/પી૧, ખેતીવાડી વિજ જોડાણ, ગ્રાહક નં.: ૮૦૭૨૯૦૦૯૧૭૩ થી વીજ જોડાણ તા.: 30-0૮-૨૦૧૬ થી અપાયેલ છે.

3.૧ અરજદાર દ્વારા નિયમમુજબ અંદાજપત્ર ભરપાય કરવામાં આવેલ હોય, કંપનીના નિયમ અનુસાર લાઈન કામના કોન્ટ્રાકટશ્રી ને લાઈનકામગીરી સોપવામાં આવેલ જેના અનુસંધાને ૧૧ કે.વી. નવી લાઈન કરવાની કામગીરી પૂર્ણ કરી વીજ જોડાણ તા.: 30-0૮-૨૦૧૬ ના રોજ ચાલુ કરી આપેલ.

3.૨ ત્યારબાદ અરજદાર દ્વારા તારીખ- ૧૧/0૪/૨૦૧૯ ના રોજ લેખિત અરજી આપવામાં આવેલ જેના અનુસંધાને સ્થળ પર તારીખ-૧૬.0૪.૨૦૧૯ના રોજ લાઈનના જમ્પર કરવા અર્થે ગયેલ પરંતુ તે દરમ્યાન બાજુના ખેતરના હાજર પ્રતિનિધિ શ્રી ભીખાભાઈ કરશનભાઈ જોટવા દ્વારા આ લાઈનમાં નડતરરૂપ નાળીયેરીના તાલા (પત્તા) કાપવા દીધેલ નહિ અને જમ્પર આપવાની પણ ના પાડેલ. જે બાબતે ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં.-સીએચડી/ટેક/૧૬૬૦ તારીખ-૧૬.0૪.૨૦૧૯ થી વાંધેદારને લેખિત નોટીસ આપેલ હતી. અને ત્યારબાદ અરજદારશ્રી ને પત્ર નં.-સીએચડી/ટેક/૨૪૦૨ તારીખ-૧૦.0૫.૨૦૧૯ થી જાણ કરેલ છે.

3.3 પીજીવીસીએલ દ્વારા તા.૧૫–૦૫–૧૯ ના રોજ – અરજદાર ના ખેતીવાડી વીજજોડાણ મા જમ્પર બાંધી અને વીજપુરવઠો ચાલુ કરી આપેલ છે. જે બદલ – અરજદાર ની ફરીયાદ નું સંતોષકારક નિરાકરણ થતા – અરજદારે લેખીત સમાધાન પત્ર તા.૧૭–૦૫–૧૯ મા સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

**૪.૧ પેરા નં ૨.0 અને પેરા નં 3.0 થી 3.3** અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૧૭–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot